# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૯ અંક : ૨૩૪



પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હીરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com
Web : www.kutchibhavanhyd.org



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**

જય જીનેન્દ્ર,

સમય કેટલી ઝડપથી પસાર થઈ જાય છે એની કલ્પના કરવી મુશ્કેલ છે. પ્રમુખ તરીકેના મારા કાર્યકાળને જોતજોતામાં મહિનો પુરો થઈ ગયો.

ભવનના બધા કાર્યો સારી રીતે ચાલી રહ્યા છે. તા. ૨૩-૧૧-૨૦૧૪ રવિવારના કચ્છી ભવનમાં કાર્યક્રમ "મનોરંજન મેળાવડો" હતો. જેમાં સવારના ફન એન્ડ સ્કીલ ગેમ્સ, કલરીંગ કોમ્પીટીશન, ટ્રેઝરહન્ટ વગેરે રમતોમાં નાના બાળકોથી લઈને મોટાઓએ હોંશ ભેર ભાગ લીધો. સાંજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં આપણા સમાજના નાના બાળકો દ્વારા ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન અને રેકોર્ડ ડાન્સનો મનોરંજક કાર્યક્રમ હતો. આ કાર્યક્રમ સફળ બનાવવાનો શ્રેય આપણા યુવાન માનદમંત્રી શ્રી પંકજ હીરજી સાવલા તથા એમની ટીમને જાય છે.

તા. ૨૩-૧૧-૨૦૧૪ રવિવાર સવારના કચ્છીભવનમાં જનરલ હેલ્થ ચેકઅપ કેમ્પ પણ હતો. જેમાં આપણા સમાજના લગભગ ૧૦૧ સભ્યોએ લાભ લીધેલ. ત્રણ અલગ અલગ ડૉક્ટરોની ટીમે તપાસ તથા વિવિધ ટેસ્ટ કર્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે માવજત સમિતિના સંચાલક તથા કાર્યકર્તાઓને અભિનંદન.

તા. ૨૫-૧૧-૨૦૧૪ ના આવાસગૃહના સંચાલક શ્રી લહેરચંદભાઈ સાથે અમે મંત્રીશ્રી તથા ખજાનચીએ આવાસગૃહની મુલાકાત લીધેલ. આવાસગૃહના રહેવાસી મેમ્બરો સાથે સાફસફાઈ તથા રીપેરીંગ માટે વાતચીત થઈ હતી.

ડિસેમ્બર મહિનો શરૂ થતાંજ ઠંડીની પણ શરૂઆત થઈ ગઈ છે. હવામાનખાતાની આગાહી પ્રમાણે ઠંડીનું પ્રમાણ વધારે રહેશે. ઠંડીની સીઝનમાં શક્તિવર્ધક વસાણાની સાથે કસરત, વ્યાયામ જરૂરથી કરજો જેથી તંદુરસ્તી સારી રહે.

***Donate Eyes - Live Twice***

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
**www.kutchibhavanhyd.org**
**http://www.asanjokutch.com**



# માનદમંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

ચાતુર્માસ પુર્ણ થવા આવેલ છે, સર્વ સંપ્રદાયમાં બીરાજતા ગુરૂભગવંતો દ્વારા ધર્મ આરાધના કરાવાતા આ ચાતુર્માસ ખુબજ ધર્મમય વાતાવરણમાં પુર્ણ થયેલ છે.

આ માસ દરમ્યાન રમતગમત અને મનોરંજક હરીફાઈઓનું એક પૂરા દિવસનો કાર્યક્રમ તા. ૨૩-૧૧-૨૦૧૪નાં દિવસે કચ્છી ભવન મધ્યે આયોજન કરવામાં આવેલ. જેમા સવારના ભાગમાં વિવિધ રમત ગમત હરીફાઈઓ અને સાંજના, ફેન્સીડ્રેસ, રેકોર્ડ ડાન્સ જેવી વિવિધ હરીફાઈઓના સુંદર કાર્યક્રમને અભુતપુર્વ પ્રતિસાદ મળેલ હતો. સર્વ કાર્યકરોના સાથથી એક સફળ કાર્યક્રમનું આયોજન કવામાં આવેલ, સમગ્ર ટીમને અભિનંદન.

સાથે તા. ૨૩-૧૧-૨૦૧૪ ના દિવસે માવજત સમિતિ આયોજીત એક મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કચ્છી ભવન મધ્યે કરવામાં આવેલ, જેમાં ૧૦૦ થી વધૂ મેમ્બરોએ લાભ લીધેલ, સંચાલકશ્રી અને એમની ટીમને અભિનંદન.

તા. ૨૦-૧૧-૨૦૧૪ ના દિવસે કચ્છી ભવન મધ્યે મહાવીર ફીજીયોથેરોપી દવાખાનાનું શુભઆરંભ કરવામાં આવેલ છે, સર્વ મેમ્બર પરિવારો આનો લાભ નજીવા દરે મેળવી શકે છે.

તા. ૨૭-૧૧-૨૦૧૪ ના દિવસે કારોબારી સમિતિની એક સભાનું આયોજન કરવામાં આવેલ, જેમાં સહ ખજાનચી તરીકે શ્રી વિપૂલ હરીલાલ નીસરને સર્વાનુમતે નિયુક્ત કરવામાં આવેલ છે. સાથે કારોબારી સમિતિનાં રીક્ત થયેલ એક સ્થાન માટે સર્વાનુમતે શ્રી રમેશ મણીલાલ શાહને નિયુક્ત કરવામાં આવેલ, બંને કમીટી મેમ્બરોને અભીનંદન. એક નવી શિક્ષણ લોન યોજના આ માસથી શરૂ કરવામાં આવેલ છે, જેમાં હાયર એજ્યુકેશન માટે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને વિના વ્યાજે લોનની સગવડ આપવામાં આવશે, પૂરી વિગત અન્યત્ર આપવામાં આવેલ છે.

ગુજરાતી રાજસ્થાની પ્રીમીયરલીગ ક્રીકેટ ટુર્નામેન્ટમાં આપણા સમાજમાં ક્રીકેટ રમતા બાળકો તરફથી એક અરજી આવતા આ લીગમાં આપણા સમાજની બે ટીમ પ્રીમીયર લીગ ટુર્નામેન્ટમાં ભાગ લેવા મોકલવામાં આવશે.

માનવ મિત્ર સમિતિ દ્વારા ડાયાલીસીસ સેન્ટરમાં હજી એક કાયમી તિથી નોંધાવવામાં આવેલ છે. સ્વચ્છતા અભિયાનના કાર્યમાં નોંધનીય કાર્ય મુઠ્ઠીભર અનાજના વેલીંટીયરો કરી રહ્યા છે, સર્વેને અભિનંદન.

તા. ૨૫-૧૧-૨૦૧૪ નાં દિવસે પ્રમુખશ્રી, માનદમંત્રી, ખજાનચી અને આવાસ ગૃહ સંચાલક દ્વારા એક મુલાકાત આવાસ ગૃહની લેવામાં આવેલ અને સર્વ રહેવાસીઓ સાથે મીટીંગ કરવામાં આવેલ હતી. સ્વચ્છતાને અગ્રક્રર્મ આપવા જરૂરીયાત મુજબ કાર્ય કરવામાં આવશે એવી ખાતરી આપવામાં આવેલ.

ભવનમાં જરૂરીયાત મુજબનું રીપેરીંગ કાર્ય કરાવવામાં આવી રહ્યા છે, તેમજ જરૂરીયાત મુજબ નવા સાધન સામગ્રી વસાવવામાં આવી રહેલ છે.

આ માસ દરમ્યાન શ્રી દક્ષિણ ભારત કચ્છી ગુર્જર જૈન પરિવાર તેમજ શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર હૈદરાબાદ તરફથી એક વોટર કુલર ભેટ આપવામાં આવેલ-તેઓનો આભાર.

# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

શિયાળાની ગુલાબી ઠંડી ચાલી રહી છે. આપણે સૌ જાણીએ છીએ કે, શિયાળો સ્વાસ્થ્ય સુધારવા માટેની બેસ્ટ સીઝન છે. ખુલ્લામાં ફરવા જાવ, કસરત કરો, શિયાળાના વસાણા તેમજ ત્યારે આવતા લીલા શાખભાજીનો ભરપુર ઉપયોગ કરવાથી શરીરમાં સારી એવી તાજગી અને સ્ફુર્તી આવી જાય છે. ઠંડીમાં વહેલી સવારે ગાદલાની હુંફમાંથી બહાર નીકળવું કઠીન છે પણ ચાલો, મન મક્કમ કરી શરૂઆત કરીએ.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ "સ્વચ્છ ભારત"નો એક મહામંત્ર દેશની જનતા સામે મુકેલ છે. આ અભિયાનમાં મોટી મોટી કંપનીઓ, નામી કલાકારો સંસ્થાઓ, મંડળો જોડાયા છે. આપણા મંડળે પણ આ દિશામાં પ્રયાસ કરેલ છે. પણ જ્યાં સુધી આ અભિયાનમાં સાધારણ પ્રજા ન જોડાય ત્યાં સુધી આ અભિયાન એક "ટોકન" અભિયાન તરીકે બની રહેશે. જરૂરી છે આ "સ્વચ્છ ભારત" નો મેસેજ સાધારણ પ્રજા સુધી પહોંચે અને તેઓ પણ જાગૃત થાય.

ક્વીઝ પેજ માટે આપ પણ ક્વીઝ મોકલાવી શકો છો, યોગ્ય હશે તો તે અનુકુળતા મુજબ સમાવવામાં આવશે.

# માવજત સમિતિ

સંચાલકઃ **કીર્તિ ટોકરશી કાપડિયા** ૯૩૯૧૦ ૧૨૯૬૯
સહસંચાલકઃ **અમૃતલાલ દામજી વોરા** ૯૪૪૧૦ ૭૭૨૮૧

★ **1) General Health Checkup Camp :** રવિવાર તા. ૨૩-૧૧-૨૦૧૪ સવારના ૯ થી ૨ વાગ્યા સુધી હતો. જેમાં લગભગ ૧૦૧ સભ્યોએ લાભ લીધો. બે હોસ્પિટલથી ડોક્ટરોની ટીમ આવેલ જેઓએ બી.પી., સુગર ટેસ્ટ, E.C.G. અને E.C.O. જરૂરત મુજબ કરેલ. કાર્ડીઓલોજીસ્ટ પંકજ જરીવાલા તથા ઓર્થોપેડીક ડૉ. અજયકુમાર પારાચુરી આવેલ. આંખ માટે Neoretina Team આવેલ.

★ **2) Mahavir Physiotherapy Clinic :** ડૉ. અશ્વિનિની દેખરેખ હેઠળ તા. ૨૦-૧૧-૨૦૧૪ થી આ ક્લીનીક ચાલુ થઈ છે. સમય સોમવારથી શનિવાર બપોરના ૩ થી ૫ રહેશે. આપ સર્વે જરૂરથી લાભ લેશો. સભ્યોને એસ.એમ.એસ. દ્વારા પણ જાણ કરવામાં આવેલ છે.

★ **3) Dr. Iravatham's Laboratory :** (બશીરબાગ) રેગ્યુલર તથા અમુક ખાસ ટેસ્ટ આ લેબોરેટરીમાં થાય છે. જેની વિગત કચ્છીભવન ઓફિસથી મેળવી શકો છો. ટેસ્ટ ઉપર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ સભ્યો તથા એમના પરિવાર જનોને મળશે. ભવનનો Family Investigation Card સાથે લઈ જવો જરૂરી છે.

★ **4) Mediclaim Insurance :** જે સભ્યો આ સ્કીમમાં જોડાયેલા છે તેમણે ખાસ ધ્યાન રાખવાનું કે હોસ્પિટલ નક્કી કરતા પહેલા શ્રી મધુ મોદાનીની સલાહ લેવી હોય તો જરૂરથી એમનો સંપર્ક કરવો જેથી ક્લેમની રકમમાં વધારે કાપ ન આવે.

**જીવનમાં રક્ત દાન - મૃત્યુ બાદ નેત્ર દાન**

# Yoga Destination

***4-2-585, 2nd Floor, Beside Rajshree Dry Fruits,***
***Above Mehak Suits, Badichowdi, Hyderabad.***

## *Happy news for all Yoga Lovers !!!*

Get the glow with yoga. **At Yoga Destination**,
we offer you an opportunity to
experience different elements of fitness
(Cardio, Strength, Flexibility and balance)
We do this by providing the right environment,
best instructions, props and exposure of different
authentic yoga traditions and practices.
We are inspired by the teachings and practices of the
Iyengar, Asthanga & Bihar schools of yoga and include
Hatha, Vinyasa flow and intense yoga.

**SESSIONS**

- ✓ Classes for beginners
- ✓ Seasoned and advanced practitioners
- ✓ Mixed classes and exclusively for women
- ✓ Prenatal yoga for expecting mothers
- ✓ Therapeutic sessions for ailments
- ✓ Personal Training / Customized one-on-one classes.

Open up to new possibilities and indulge

For further information call

**Neela - 98850 52561, Khyati - 96180 36821**

**(Daughters of Kamal Kant Virji Dedhia)**

*Be Well, Love & Regards Yoga Destination*

## SHANTI PRIMARY SCHOOL

Sanchalak : **DIRGESH HIRJI NISHAR**
**93933 79797**

**Co-Curricular Activities and Celebrations :**

The "Nestle" company conducted a workshop on 12-11-2014. Mrs. Beena Prepared mouth watering recipes like Bhelpuri, Pakora, Coconut Mice (Ladoos) and Kalakand with Maggi and Milkmaid. The parents enjoyed the food items. Printed recipe notes were also given to the parents.

On 13th November a Quiz competition was organised based on varied and interesting spectrum of topics for Classes I to V. On the same day, a competition of "Threading the Beads" was conducted for the Nursery Class. L.K.G. and U.K.G. Classes students enjoyed the "Musical Chair" Competition.

Children's Day was celebrated on 14th November. Principal Mrs. Megha Dattatreya garlanded the Photo of Pt. Jawaharlal Nehru Chachaji. Students were delighted and enthralled by the entertainment programme and the "Throw and Win" game, put up by the teachers.The prizes of the competitions were distributed to the winners. All the students were given gifts and sweets and this made them feel special on their day.

## શાંતિવન સમિતિ

સંચાલક : **મહેન્દ્ર દેવશી વોરા, ૯૨૪૬૧ ૮૫૬૩૧**
સહસંચાલક : **ભરત જેઠાલાલ ગાલા, ૯૩૪૮૬ ૭૭૦૯૯**

સહર્ષ જણાવવાનું કે સમિતિ દ્વારા વડિલો માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સંજોગોવસાત તા. ૨૧-૯-૨૦૧૪ના આપણે મળી ન શક્યા તો આવો હવે ૨૧-૧૨-૨૦૧૪ ના મળીયે. કાર્યક્રમ નીચે મુજબ છે.

તા. ૨૧-૧૨-૨૦૧૪ ને રવિવાર સમય સાંજના ૫.૩૦ થી સ્થળ : કચ્છી ભવન, રામકોટ

૧) **નિબંધ હરીફાઈ :** ૫૦ વર્ષથી ઉપરના ભાઈ-બ્હેનો માટે, વિષયઃ **મોબાઈલની જનજીવન પર અસર,** સમય : સાંજના ૫.૩૦ થી ૬.૦૦ - પેપર તથા પેન આપવામાં આવશે - નિબંધ ગુજરાતી અથવા હિન્દીમાં લખવાનું રહેશે - પ્રથમ તથા દ્વિતીય ઈનામ આપવામાં આવશે - પ્રથમ આવેલ નિબંધ આગામી નિયાપોમાં છાપવામાં આવશે.

૨) **સ્તવન હરીફાઈ :** ૫૦ વર્ષથી ઉપરના ભાઈ-બહેનો ભાગ લઈ શકશે, સ્તવન ફક્ત ગુજરાતીમાં ગાવાનું રહેશે - ફક્ત પંદર (૧૫) વ્યક્તિના નામ લેવામાં આવશે - સ્તવનના બોલ પહેલેથી લખાવવાના રહેશે. પ્રથમ ત્રણ વિજેતા ને ઈનામ આપવામાં આવશે - વાજીંત્રમાં ઢોલકનો સાથ મળશે - એક સ્તવનને એકજ એન્ટ્રી મળશે.

ઉપરોક્ત બન્ને હરીફાઈમાં નામ નીચેના નંબર પર લખાવી શકશો. **મહેન્દ્ર વોરા-૯૨૪૬૧ ૮૫૬૩૧** જરૂરત જણાશે તો ટ્રાયલ રાઉન્ડ રાખીશું. કાર્યક્રમ દરમ્યાન એક વડિલ દંપતિનો બહુમાન સમિતિ દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમ ફક્ત ૫૦ વર્ષથી ઉપરના ભાઈ બ્હેનો માટે છે.

૩) સમયના અવકાશ પ્રમાણે ૧ મીનીટ ગેમ્સ રમાડવામાં આવશે.

**અલ્પાહાર ની વ્યવસ્થા છે.**

# શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદ્રાબાદ
# મનોરંજન મેળાવડો તા. ૨૩-૧૧-૨૦૧૪

તા. ૨૩-૧૧-૨૦૧૪ ના દિવસે રમત ગમત અને મનોરંજક હરીફાઈઓના એક કાર્યક્રમનું આયોજન કચ્છીભવન મધ્યે કરવામાં આવેલ. હરીફાઈઓ બે ભાગમાં વહેંચવામાં આવેલ સવારની પ્રતિયોગીતાઓ ૯.૩૦ વાગ્યે પ્રમુખશ્રી કીર્તિભાઈ કાપડીયાની ઉપસ્થિતિમાં શરૂ કરવામાં આવેલ.

૩ વર્ષથી ૬૦ વર્ષના સર્વ માટે વિવિધ મનોરંજક હરીફાઈઓમાં અભુતપૂર્વ ઉત્સાહ સાથે લગભગ ૩૫૦ થી વધારે પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધેલ. ફન એન્ડ સ્કીલગેમ, કલરીંગ, ટ્રેઝરહન્ટ, તોલ મોલ કે બોલ, જેવી અનેક હરીફાઈઓ લગભગ બપોરના ૨.૦૦ વાગ્યા સુધી અવિરત ચાલતી રહી, અને દરેક પ્રતિયોગીતામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ લોકોએ કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો. સવારનાં દરેક પાર્ટીસીપેન્ટ માટે અલ્પાહારની વ્યવસ્થા હતી.

સાંજની હરીફાઈઓ ૬.૦૦ વાગ્યાથી શરૂ કરવામાં આવેલ. પ્રથમ નવકાર મંત્રથી પ્રાર્થના કરવામાં આવેલ. ત્યારબાદ મનોરંજક ક્વીઝ અને ફેન્સીડ્રેસ હરીફાઈમાં નાના ભુલકાઓના વિવિધ રંગબેરંગી પોષાકોએ ઉપસ્થિત સર્વના મન મોહી લીધેલ. લગભગ ૩૩ બાળકોએ આ પ્રતિયોગીતામાં ભાગ લીધેલ.

પહેલીવાર ફેન્સીડ્રેસ અને રેકોર્ડ ડાન્સમાં ઓડીયેન્સ પોલનું આયોજન કરવામાં આવેલ હતું. "લેડીઝ એક મીનટ" હરીફાઈમાં ૭૨ મહીલાઓએ ભાગ લઈ કાર્યક્રમને નવો ઓપ આપેલ. રેકોર્ડ ડાન્સ હરીફાઈએ પૂરા દિવસના કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધેલ. નાના બાળકોના હિંમત ભર્યા ડાન્સ પર્ફોમેન્સે ઉપસ્થિત સહુને મંત્ર મુગ્ધ કરી દીધા. હરીફાઈઓ સાથે એક ગ્રુપ ડાન્સ, ક્લાસીકલ સોલો ડાન્સ પણ રજુ કરવામાં આવેલ. પૂરા દિવસ દરમ્યાન સવારના ભાગમાં લગભગ ૪૦ વિવિધ રમતો, સાંજના કાર્યક્રમમાં વિવિધ હરીફાઈઓના આયોજનમાં કાર્યકર્તાઓએ વિશેષ સાથ આપેલ અને એમના સાથ વગર આવા વિશાળ કાર્યનું આયોજન લગભગ અશક્ય છે. સર્વ અમારા સાથી કાર્યકર્તાઓનો હૃદય પૂર્વક આભાર.

પરદા પાછળ રહી દરેક કાર્યમાં હમેશા સાથ આપનાર શ્રી હરેશ હેમરાજ દેઢીયા અને સ્મીતા હરેશ દેઢીયાનો ખુબ ખુબ આભાર. એક મીનટ હરીફાઈમાં સાથ આપવા બદલ શ્રીમતિ નીતા દીપક માલદે અને હીતેન મણીલાલ સંઘોઈનો આભાર. રેકાર્ડ ડાન્સમાં જજ તરીકે પોતાનો અમુલ્ય સમય આપવા બદલ શ્રી કમલ રમણ નાગડા અને કુ. રાજુલ અતુલ સાવલાનો આભાર. ફેન્સી ડ્રેસ કોમ્પીટીશનમાં જજ તરીકે પોતાનો અમુલ્ય સમય આપવા બદલ શ્રી ગૌરાંગ નેમજી ધરોડ અને શ્રીમતિ રીટા અમીશ ધરોડનો આભાર. કલરીંગ કોમ્પીટીશનના જજ શ્રીમતિ સ્મીતા હરેશ દેઢીયા અને કીંજલ લક્ષ્ય ગાલાનો આભાર.

પ્રાર્થનામાં ભાગલેનાર - પ્રિયલ સંઘવી, મેહલ સંઘવી, ચિંતન સંઘવી, રૂચીકા શાહ, નિમિશા વોરા, કિંજલ મહેતા તથા શ્રદ્ધા શાહ. ગ્રુપ ડાન્સ ના કોરીયોગ્રાફર શીતલ હિતેન છેડા અને એમની ટીમના કુમારી, હેતવી ગોસર, માહી ગોસર, ફેમી ગડા, ઈશીકા ગોસર, વંસીકા ગોસર, ખુશી ધરોડ, ત્રીશા ગોસર, યશીતા દેઢીયાનો આભાર. ક્લાસીકલ ડાન્સ પ્રસ્તુત કરવા બદલ કુમારી નીધી શાહનો

ખુબ ખુબ આભાર. સુન્દર સ્ટેજ બનાવવા બદલ શ્રીમતી ભારતીબેન નાગડા અને સાઉન્ડ સીસ્ટમ માટે પુષ્પાંજલીનાં સન્ની શર્માનો આભાર. સ્વાદીષ્ટ ભોજન આપવા બદલ તારા કેટરર્સ નો આભાર. ઈનામ વીતરણ કાર્ય માં ઉપસ્થિત સર્વ પદાધીકારીઓ અને પૂરા દિવસના કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર નાના ભુલકાઓથી લઈને મોટા પરિવાર જનોનો ખુબ ખુબ આભાર.

વિશેષ કરીને આ સમગ્ર કાર્યક્રમના આયોજન તથા સફળતામાં **ફ્રેન્ડ્સ સોશીયલ ગ્રુપ**ના કાર્યકર્તાઓનો સંપૂર્ણ સાથ મળેલ છે - તેમનો ઘણો ઘણો આભાર.

## PRIZE WINNERS LIST

| | | | |
|---|---|---|---|
| 1) | Fun & Skill Game<br>3 to 6 Yrs | Boy 1st | Divit Mayur Gada |
| | | Boy 2nd | Keval Amit Savla |
| | | Girl 1st | Yana Ramesh Savla |
| | | Girl 2nd | Uditi Rahul Gala |
| 2) | Fun & Skill Game<br>7 to 10 Yrs | Boy 1st | Subh Sameer Gogri |
| | | Boy 2nd | Akshat Momaya |
| | | Girl 1st | Kushi Vipul Savla |
| | | Girl 2nd | Riya Gaurang Dharod |
| 3) | Fun & Skill Game<br>11 to 14 Yrs | Boy 1st | Meet Gaurang Dharod |
| | | Boy 2nd | Neel Nimesh Bheda |
| | | Girl 1st | Nimisha V. Vora |
| | | Girl 2nd | Hetvee R. Gosar |
| 4) | Fun & Skill Game<br>11 to 14 Yrs | Gents 1st | Hitesh P. Gala |
| | | Gents 2nd | Gaurav N. Shah |
| | | Ladies 1st | Jyoti H. Gala |
| | | Ladies 2nd | Kinjal L. Gala |
| 5) | Colouring Competition<br>3 to 6 Yrs | 1st | Jill Mehul Chedda |
| | | 2nd | Divit Mayur Gala |
| | | 3rd | Keval Amit Savla |
| 6) | Tressure Hunt<br>8 to 14 Yrs | 1st | Nimisha V. Vora |
| | | 2nd | Hetvee R. Gosar |
| 7) | Tressure Hunt<br>15 Yrs above Ladies | 1st | Jayashree J. Mamania |
| | | 2nd | Heena S. Gosar |
| 8) | TOI MOI ke BOI | 1st | Mamta S. Vora |
| | | 2nd | Achira J. Nagada |
| 9) | Fancy Dress<br>Group - A | 1st | Aariya Gaurav Gada |
| | | 2nd | Devam Gaurav Gala |
| 10) | Fancy Dress<br>Group - B | 1st | Shrishti Chetan Gala |
| | | 2nd | Tirath Viren Gosar |
| 11) | Audience Poll Prize | Group - A | Aariya Gaurav Gada |

| | | | |
|---|---|---|---|
| | | **Group - B** | Shrishti Chetan Gala |
| 12) | Ladies Ek Minute | | 1) Neha Kumal Heniya<br>2) Vidhi Manoj Savla<br>3) Alpa Amit Savla<br>4) Dhara Hiral Maru<br>5) Heena Vijay Dedhia<br>6) Jagruti Dinesh Chauhan<br>7) Pooja Nitin Satra<br>8) Madhu Mahendra Heniya<br>9) Urmi Paresh Savla |
| 13) | Record Dance<br>Group - A | 1st<br>2nd | Samyak Mehul Chedda<br>Diksha Hitesh Gala |
| 14) | Recor Dance<br>Group - B | 1st<br>2nd | Kushi Vipul Savla<br>Maitri Naren Gosar |
| 15) | Audience Poll | Group - A<br>Group - B | Samyak Mehul Chedda<br>Maitri Naren Gosar |

**CONSOLATION PRIZES FOR ALL IN FANCY DRESS & RECORD DANCE**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
**હરિલાલ ભીમશી સાવલા**

**મીશન નં. ૧ -** ભારતના વડા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ના સ્વચ્છ ભારત અભિયાનને નજર સમક્ષ રાખી અમો અમારો મીશન - ૧ સુલતાન બજાર મધ્યે તા. ૯-૧૨-૨૦૧૪ના દિવસે રાખેલ. આ અભિયાનમાં માનવમિત્રના સભ્યો મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરો તથા સુલતાન બજાર એસોસીયેશન ના સભ્યો સાથે મળીને સુલતાનબજાર-હસમતગંજના જગ્યાઓમાં સાફસૂફી કરવામાં આવેલ અને સુલતાન બજારના દૂકાનદારો તથા ફેરીયાઓને કચરાનો નિકાલ રસ્તા પર નહિ ફેક્તા એક જગ્યા (ડસ્ટબીન) માં નાખવાનું જણાવેલ. આ અભિયાનમાં આપણા સભ્યો તેમજ સુલતાન બજાર એસોસીએશનના સભ્યો, મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરો મળી કુલ્લ ૮૦ સભ્યોએ કાર્ય કરેલ. છેલ્લે જૈન સમાજના શ્રી સુરેન્દ્રમલ લૂણીયાના નિવાસ સ્થાને આપણા કાર્યકર્તા શ્રી ભાવેશ ચીમનલાલ ગાલાના સહકારથી ચા-બીસ્કીટની વ્યવસ્થા કરેલ જે માટે અમો તેમના આભારી છીએ. આ અમારો પ્રથમ પ્રયાસ સફળ રહ્યો.

**મીશન નં. ૨ -** તા. ૩૦-૧૧-૨૦૧૪ સ્થળ : મહેશ કોલોની (નામપલ્લી)

તા. ૦૯-૧૧-૨૦૧૪ ના સફળ અભિયાન સુલતાન બજાર બાદ તા. ૩૦-૧૧-૨૦૧૪ ના માનવમિત્રના સભ્યો મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરો કુલ્લ ૪૦ તથા મહેશ કોલોની એસોસીએશનના ૧૦ થી ૧૨ સભ્યો મળીને આ કોલોનીના કચરાનો નિકાલ કરેલ. કોલોનીના જે ઘરની આગળ કચરો જમા થયેલ તેઓને રૂબરૂ જઈ કહેવામાં આવ્યું કે કોલોની ને સ્વચ્છ રાખવાની જવાબદારી તેઓની છે જેથી કચરો જમા થવો ન જોઈએ અને કોલોની સ્વચ્છ રહે. આ અભિયાન ની સફળતા માટે અમને આપણા સભ્ય શ્રી ખુશાલભાઈ હરીયાનો સાથ-સહકાર મળેલ તે માટે અમો તેમના આભારી છીએ.

**ડાયાલાસીસ માટે :** રૂા. ૨૧,૦૦૦/- એક દિવસના ડાયલાસીસ ના નકરા ના ડૉ. **કિશોરભાઈ કલ્યાણજી ગંગર ના પુણ્યતીથી નીમીત્તે શ્રીમતી લક્ષ્મીબેન કિશોર ગંગર** તરફથી મળેલ.

આવેલ દાનની વિગત :

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | કબુતર ને ચણ | ગૌ-ઘાસ |
|---|---|---|---|---|---|---|---|
| ચી. જીત પદમ હરીયા | - | - | - | - | - | - | ૧ |
| શ્રીમતી લતાબેન ભાઠીયા | - | ૫૦૦ | - | - | - | - | - |
| ચી. યશ મનોજ નાગડા | ૪૨૫૦ | - | - | - | - | - | - |
| શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર હૈદ્રાબાદ-સિકંદ્રાબાદ | - | - | - | ૬૦૦૦ | - | - | - |
| સુનીતા એન. ગાલા | - | ૫૦૦ | - | - | - | - | - |
| સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા હઃ શ્રી નિતીન ગાલા | - | - | - | ૫૦૦ | - | - | - |
| શ્રી ધરોડ ભાવિક મંડળ | ૨૦૦૦ | ૨૫૦૦ | - | ૨૫૦૦ | - | - | - |
| સ્વ. મેઘબાઈ મેઘજી મારૂ થી પુણ્યતિથી હઃ શ્રી ખુશાલ મેઘજી મારૂ | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રી ગાલા ભાવિક મંડળ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૬ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦ | - |
| હેમકળાબેન વલ્લભભાઈ આસર | - | ૩૩૧ | | | | | |

મૂઠીભર અનાજ યોજના : ગત માસમાં કુલ્લ ૪૦ કીલો દાળ અને ૩૦૦ કીલો ચોખા પ્રાપ્ત થયા હતા જેનું આશ્રમમાં વિતરણ થયેલ. અનાજ પ્રાપ્ત કરવા નીચે મુજબ ના એરીયા માટે વોલીન્ટરોની ખાસ જરૂરત છે. માહારાજગંજ - પંજાગુટ્ટા-બડીચાવડી-ચૈતન્યપુરી. આ એરીયામાં રહેતા વડિલોને વિનંતી કે તેમના યુવા બાળકોને આ માનવસેવા માટે જગ્રત કરે અને વોલીન્ટર તરીકે નામ નોંધાવે. નામ નોંધાવવા માટે શ્રી હિતેનભાઈ સંઘોઈ ફોન : ૯૮૪૯૧-૬૪૨૨૧ ને સંપર્ક કરે.

તમારા લાડીલા પુત્ર-પુત્રીના જન્મદિન ઉજવવા માટે તેમજ લગ્ન તિથી નિમીત્તે - વડિલોની પુણ્યતીથી નિમીત્તે ઑરફનેજ (આશ્રમ) માં તેની વ્યવસ્થા કરવામાં આવશે. આ માટે આપના અનુકુળતા મુજબ રકમમાં ઉપરોક્ત પ્રસંગોને ઉજવવા અમો પુરો સહકાર આપશું જેની નોંધ લેવા વિનંતી.

## સાધન સામગ્રી

સંચાલક : **મણીલાલ રામજી ધરોડ**

રાબેતા મુજબ સાધન સામગ્રી નો ઉપયોગ થઈ રહેલ છે. જરૂરત પ્રમાણે મોટી પ્લેટો **નં. ૨૦૦૦**, ચાંદની નં. ૩૦૦, પર્સી નં. ૬૫ નવી લીધેલ છે. સોફાના રીપેરીંગ કરાવવામાં આવેલ છે, આપના નવિન સૂચનો આવકાર્ય છે.

# હાર્દિક શ્રદ્ધાસુમન



જન્મ તારીખ ૧૩-૯-૧૯૨૬

અરિહંત શરણ ૬-૧૨-૨૦૧૪

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રા સંઘ ના કાયમી સંઘપતી**

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા

**(મોટા લાયજા - કચ્છ, હાલ મુંબઈ)**

શ્રી સંઘને જાવત જીવત પ્રવૃતીમય રાખી સંઘના અનેક વિધ પ્રવૃત્તીઓને હમેશા પ્રેરણામયી બની કરેલ ઉપકાર શ્રી સંઘ કદાપી વિસરી શકશે નહીં..

આપશ્રી ના સત્ કૃત્યને શત્ શત્ નમન...વંદન...

પરમપિતા પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

(જા.ખ.)

## SIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
Cell No : 9848129772

***"The purpose of Education is to replace an empty mind with an OPEN one"!***

Wishing all the members of Shri Kutchi Mitra Mandal, a Merry Christmas and a Happy New Year 2015. Students must be working hard for their Half Term Exams. Best of luck to all.

A career counselling camp will be held in the month of Jan 2015 for students of class 9th, 10th,11th and 12th standards. Interested parents can register their wards in the following format and submit in KMM office by 31st December 2014. A batch of upto 25 students will be accomodated on first come first basis. It is necessary for the parents to accompany their wards.

| Name of Student | Age | M/F | Std. | Parents Name | Mobile No. | KMM Membership No. |
|---|---|---|---|---|---|---|

The program will be conducted by a set of professional consultants consisting of Professors and Academicians from various fields. Many career options apart from regular Commerce/Science will explained. Guidance will be provided to choose the right discipline to pursue after 10th & 12th standards.

The date and time of the program will be intimated by SMS.

Wef : 1st December 2014 KMM Shikshan Samiti has launched Educational Loan Scheme. Interest free Loan upto Rs. 1,00,000/- (Rupees One Lakh Only) would be provided to maximum 5 (Five) students per year for pursuing Post Graduation studies in recognized universities in India and Abroad. Students wishing to avail this scheme can apporach KMM office for details.

## જીવન ચક્ર

### સગપણ નોંધ

ચિ. તરૂણ કાંતીલાલ પાસુભાઈ સાવલા, મોથારા - હૈદ્રાબાદ
ચિ. હેના અભય વીરજી ગોસર, દેઢીઆ - મુંબઈ

ચિ. ક્રિના વિજયકુમાર વિરચંદ લોડાયા, બાંઢીયા - હૈદ્રાબાદ
ચિ. વૈભવ મહેશ જવેરચંદ શાહ, માંડવી - કોચીન




Wishing You all a Happy & Prosperous New Year 2015.



# શ્રી કચ્છી મિત્ર મંડળ

## શૈક્ષણિક લોન

સહર્ષ જણાવવાનું કે મંડળના વિદ્યાર્થી ભાઈ બહેનોને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવા, એક નવી "શૈક્ષણિક લોન યોજના" આ માસથી શરૂ કરવામાં આવી રહેલ છે. પોસ્ટ ગ્રેજ્યુયેશન ઉપરાંત આગળ અભ્યાસ કરવા ઈચ્છતા હોય (દેશમાં કે વિદેશની યુનીવર્સીટીમાં) તે વિદ્યાર્થીઓ આ યોજનના લાભ લઈ લઈ શકશે.

આ યોજના અંતર્ગત વધારેમાં વધારે રૂા. ૧,૦૦૦૦૦/- લાખ સુધીની લોન વગર વ્યાજની આપવામાં આવશે. જે ૮ ત્રિમાસિક હપ્તામાં પરત કરવાની રહેશે.

જેમને આ યોજનાનો લાભ લેવો હોય તેઓએ મંડળ ની ઓફિસમાં અરજી કરવાની રહેશે. વધારે વિગત માટે સમિતિ સંચાલક અથવા માનદ્ મંત્રીનો સંપર્ક કરવા વિનંતી.

## સ્કોલરશીપ - SCHOLARSHIP GRANT

આપણા મંડળના મેરીટોરીયસ વિદ્યાર્થીઓ જેઓ ઉચ્ચ અભ્યાસ (પોસ્ટ ગ્રેજ્યુએશન) કરવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે એક સ્કોલરશીપ ગ્રાન્ટ આપવાનું નક્કી કરેલ છે. આ સ્કીમ હેઠળ વિદ્યાર્થીને પહેલા વર્ષની ફીસ અથવા રૂા. ૫૦૦૦૦/- જે ઓછા હશે તે આપવામાં આવશે.

આ સ્કોલરશીપ ગ્રાન્ટ માટે વિદ્યાર્થીની પસંદગી નીચે મુજબના ધોરણે કરવામાં આવશે.

૧) વિદ્યાર્થીની પસંદગી ફક્ત મેરીટ ઉપર અને ગ્રેજ્યુએશનમાં ઉંચા માર્કસ મેળવેલ હોય તે ઉપર કરવામાં આવશે.

૨) અરજી કરનારે ગ્રેજ્યુએશન પરિક્ષામાં ઓછામાં ઓછાં ૮૫.૫ ટકા તથા **9CGPA** માર્કસ મેળવેલ હોવા જોઈએ.

અરજી કરનારે, અરજી સાથે વાલીનો .. મેમ્બરશીપ નંબર તેમજ નીચે જણાવેલ પેપરો મોકલવા જરૂરી છે.

૧) પાસપોર્ટ સાઈઝ ફોટો

૨) Photo Copies of Xth, Inter or 12th and Degree All semesters Mark sheets.

૩) સ્પોર્ટસ, આર્ટસ બીજી કોઈ સર્ટીફીકેટ હોય તેથી ઝરોક્ષ.

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

*તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક*

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

# SHRI KUTCHI MITRA MANDAL EDUCATIONAL LOAN

Mandal is Happy to announce an **"Educational Loan Scheme"** for students of our Mandal for Higher education, commencing from this month. The students who are desirous to go in for Higher Education (in the country or abroad) can take benefit of this loan scheme.

As per this scheme, upto R. 1 Lakh of Loan Free of interest can be sanctioned by Mandal which is repayable in 8 quarterly instalments.

Whoever is desirous to take advantage of this loan, is reuested to submit the application to Mandal. For further details, you may contact Shikshan Samithi Sanchalak or Honarary Secretary.

## SCHOLARSHIP GRANT

To encourage students from KMM to go in for Higher Studies, a Scholarship Grant for a meritorious student going in for Post Graduation from the new Academic Year 2014-2015 has been initiated. The Scholarship amount will be the First Year Fees or Rs. 50,000/- (Rupees Fifty Thousand) whichever is minimum.

The student will be selected on the following criteria.

1) Selection will be based purely on Merit with Highest marks in graduation.
2) Applicant should have completed his/her graduation with minimum 85.5% or 9 CGPA.
3) Applicant should submit the following documents along with the application letter mentioning KMM membership number of the Parent.
   a) Passport size Photograph.
   b) Photo copies of Mark sheets of Xth, Inter or 12th and Degree all semesters.
   c) Certificates of Extra-Curricular Activity, if any, in Sports or Arts.

DEEPAK MAVJI DHAROD

Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(શ્ર.મ.)



શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમો નમઃ

# શ્રી અચલગચ્છ જૈન સંઘ
# શ્રી વાસુપૂજ્ય સ્વામિ જીનાલય



શ્રી નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતીનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ

## બાવીસમી ધ્વજારોહણ તથા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે

હર્ષઉલ્લાસ સાથે જણાવવાનું કે શ્રી અચલગચ્છાધીપતિ શાસન સમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસુરીશ્વરજી** મ.સા. દિવ્યકૃપા, વર્તમાન ગચ્છાધીપતિ તપસ્વી રત્ન, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી** મ.સા. તથા સાહિત્ય દિવાકર દક્ષિણ દીપક પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી** મ.સા. ના શુભ આશીર્વાદ થી શ્રી વાસુપૂજ્ય સ્વામિ જીનાલયની **૨૨મી વર્ષગાંઠ** પ્રસંગે પ્રતિષ્ઠા મહાત્સવનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જ્યોતિષ્યાચાર્ય મુનીવર **શ્રી સર્વોદયસાગર** મ.સા. **શ્રી ઉદયરત્નસાગર** મ.સા. તથા **શ્રી ગુણવલ્લભસાગર** મ.સા. ની નિશ્રામાં આ આયોજન કરવામાં આવશે તથા અમારા સંઘના પરમ ઉપકારી શ્રી ચૈતન્યરત્ન, નવગ્રહરત્ન, નવકારમંત્રના આરાધક એવા **શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ**, ત્રીપુટી બંધુ સાથે ઉપસ્થિત રહી આશીર્વાદ આપશે

**બાવીસ વરસ પહેલા જ્યારે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ થયેલ ત્યારથી પરોણા ભગવાન તરીકે છે. હવે ૫ ભગવાનની પ્રતિષ્ઠા બાવીસમી વર્ષગાંઠ દરમ્યાન કરાવવામાં આવશે તથા બીજા નવા ૩ ભગવાન ચંદ્રપ્રભુ સ્વામિ, પદમપ્રભુ સ્વામિ અને નેમીનાથ ભગવાન પધારશે. એમની પણ પ્રતિષ્ઠા કરાવવામાં આવશે.**

**૧. શ્રી ચંદ્રપ્રભુ સ્વામિનું ઘડાવવાનું તથા ભરાવવાનું આદેશ મળી ગયેલ છે.**

**૨. શ્રી પદમપ્રભુ સ્વામિ ઘડાવવાનું નકરો . રૂા. ૧,૫૧,૦૦૦/- ભરાવવાનું નકરો રૂા. ૫,૫૫,૫૫૫/-**

**૩. શ્રી નેમીનાથ ભગવાન ઘડાવવાનું નકરો રૂા. ૧,૫૧,૦૦૦/- ભરાવવાનું નકરો રૂા. ૫,૫૫,૫૫૫/-**

**ઉપર પ્રમાણે બે ભગવાનના નામ આવવાના બાકી છે તથા બધા ભગવાનની પ્રતિષ્ઠા કરાવવાનો આદેશ મહોત્સવ દરમ્યાન આપવામાં આવશે.**

નોંધ :- ભગવાનને ઘડાવનાર પરિવારને ભગવાનના પ્રવેશ પ્રસંગે વાજતે ગાજતે ભવનના પ્રાંગણ સૂધી લઇ આવવાનું લાભ મળશે. આ પરિવારનું નામ પત્રિકામાં આવશે તેમજ તક્તી ઉપર યોગ્ય જગ્યાયે નામ લખવામાં આવશે.

ભગવાનને ભરાવનાર પરિવારને ભગવાનના ભવનમાં પ્રવેશ વખતે પોંખવાનું લાભ મળશે તથા ભગવાનની પાલખી નીચે કાયમી ધોરણે પરિવારનું નામ કોતરવામાં આવશે તથા દેહરાસરના પ્રાંગણમાં તક્તી ઉપર યોગ્ય જગ્યાયે નામ લખવામાં વશે.

આ પ્રસંગ તા. ૧૫-૨-૨૦૧૫ થી ૨૩-૨-૨૦૧૫ સુધી રહેશે. તો ખાસ વિનંતી છે તમને કોઈ લાભ લેવાની ભાવના હોય તો ૧ જાન્યુઆરી સુધીમાં નામ આપવા વિનંતી.

સંપર્ક : **શ્રી કેશવજી પ્રેમજી છેડા, ૯૩૯૧૦૨૯૨૬૬ - શ્રી કીર્તીભાઈ નરસી મોમાયા, ૯૮૪૮૫૮૩૬૦૧**

એજ લી.
**શ્રી અચલગચ્છ જૈન સંગ ના ટ્રસ્ટીગણ**
ચૈતન્યપુરીના જય જીનેન્દ્ર

(જી.મ.)

# વિવિધા

## સમતા સુખની જનની

*ક્રોધ આપકા પ્રબલ શત્રુ હૈ, બસા આપકે ઘરમેં !*
*હો સકતે હો ઉસે જીતકર વિજયી આપ જગભરમેં*

કવિવર રામનરેશ ત્રિપાઠીજીની આ પંક્તિઓ માણસને સાવધાન કરતાં કહે છે કે ભાઈ તારો સૌથી મોટો શત્રુ ક્રોધ છે અને એને તેં તારા ઘરમાંજ સ્થાન આપ્યું છે. તારા મન રૂપી ઘરમાં એને બેસાડી તું દુશ્મનને બહાર શોધતો ફરે છે. આમ કરવાથી તારા અમુલ્ય સમય અને શક્તિનો નાશ થતાં છેવટે તું પરાસ્ત જ થવાનો છે. જો તારે વિજયી થવું હોય તો ઘરમાં જ વસતા આ શત્રુને એટલે ક્રોધને હરાવ એવું કરવાથી ઘરમાં તું શત્રુને પરાસ્ત કરીશ ને વિશ્વભરમાં તું વિજેતા થઈશ.

મતલબ સાફ છે - જે જાતને જીતે છે તે વિશ્વને જીતે છે. જાતને હારીને કદાપિ વિશ્વ જીતી શકાતું નથી અને છતાંય કોઈ જો એવા પ્રયત્ન કરવા જાય તો સંસારમાં ઉપહાસને પાત્ર થઈને એ હાર સિવાય કશુંજ પામી નથી શકતો.

પર્યુષણનો હાર્દ એજ છે કે જીવનનાં બાહ્ય અને અભ્યંતર અણુએ અણુંમાં વસાવવા ક્રોધને જીવી જાતપર વિજય મેળવો. સમતા વિના, આસક્તિવિના, અસંગવિના પરમાનંદ કે પરમશાંતિની પ્રાપ્તિ સંભવ જ નથી. આ સંદર્ભ વિનજય વિજયજી મહારાજની આ પંક્તિઓ યાદ કરતા જેવી છે.

*સમતા વિણ જે અનુસરે પ્રાણી પૂજાના કામ*
*છાર ઉપર જેમ લીંપણું જાયું ગગને ચિત્રામ !*

ધાર્મિક પ્રવૃત્તિઓ ગમે તેટલી કરવામાં આવે, આરાધના, ભક્તિ, ભજન અવિરત કરવામાં આવે પરંતુ જો આ બધુંય સમતાભાવ વિનાનું હોય તો તે ક્ષાર ઉપર કરેલા લીંપણ જેવું છે ! જેવી રીતે ક્ષાર ઉપર કરેલું લીંપણુ સુકાતાં જ પોપડા ઉખડી જાય છે. અને કર્યું ન કર્યું બરાબર થઈ જાય છે, વળી એ માટે કરેલો શ્રમ વ્યર્થ જાય છે એટલુંજ નહીં કીમતી સમયનો બગાડ થાય છે. તેવી જ રીતે સમતા વિહોણી ક્રિયાઓ ને ભક્તિ સરવાળે હાનિકારક જ નિવડે છે.

કાહારાજ શ્રી એવી પ્રવૃત્તિને એક બીજી ઉપમા પણ આપે છે. અને તે છે આકાશમાં કરાયેલા ચિત્રકામની ! આકારમાં કરેલું ચિત્રકામ કેટલું ટકે ? પહેલી વાત તો એકે આકાશમાં ચિત્રકામ થાય જ શી રીતે ? ધારો કે રોકેટ ના બન્ને રંગીન ધૂમાડા છોડી આકાશમાં કોઈ ચિત્ર બનાવીએ તો એ કેટલું ટકે ?

સમતા વગર ધર્મનું ચિત્ર ઉપસે નહીં સાધુતાનો સાર છે સમતાભાવ. બધું થાય દાન-જપ-તપ વિધિ ક્રિયાઓ પણ પામવું શું ? સમતાભાવ આ ભાવ લાવવા પર્યુષણ પર્વ પ્રેરણા આપે છે. ધર્મના નામે .. પરિણતીવધારી, ધર્મનાં અને વીતરાગનાં નામે આત્માઓને નજીકને બદલે દૂર કર્યા... સંઘર્ષ વધાર્યો હવે તો ઉપશમ લાવ જ્ઞાની થા એજપર્વનો સાર છે. વીતરાગનાં ઉપદેશનો સાર છે ઉપશમ - સમતામાં જીવવું જૈન સિદ્ધાંતનો સાર છે સમતામાં રહેવું. સમતા કસ છે બાકી છાસ છે. સાધનો ગમેતે હોય .. તેટલી થતી હોય મુખ્ય સિદ્ધાંત તો સમતામય જીવન જીવવાનો છે.

**જયાબેન મગનલાલ મારૂ**

# Grand Opening

*on Sunday the 14th December 2014*

## Glam Walk

*For Everyone*

**Ladies Footwear...**

**# 4-4-952, Dilshad Plaza, Sultan Bazar,
Hyderabad-500 095. Phone: 040-66889900
E-mail : info@glamwalk.com
www.glamwalk.com**

**You can also shop at www.glamwalk.com**

**Avail 10% Special Discount for Kutchis**

follow on

**KUNJAL SHAH**
**Cell : 7799556780**

**Sister Concern:**

*DIVA Exclusive Designer Wear..*

**Badi Chowdi, Hyderabad.**

(જા.ખ.)

# વ્યવસાયલક્ષી શિક્ષણઃ દૃષ્ટિ બદલવાની જરૂર

પરીક્ષાના પરિણામ આવી ગયા બાદ - ખાસ કરીને દસમા અને બારમા ધોરણ બાદ ક્યા અભ્યાસક્રમની પસંદગી કરવી તે માટે વિદ્યાર્થી અને વાલીમાં મનોમંથન થતું રહે છે. હાલમાં તો વ્યવસાયલક્ષી અભ્યાસક્રમને પ્રથમ પસંદગી આપવી જોઈએ. તેમાં પણ ટેક્નિકલ, મિકેનિકલ, ઈલેક્ટ્રોનિક્સ જેવા અભ્યાસક્રમની માગ વધી રહી છે.

આર્ટસ, કોમર્સ, એકાઉન્ટન્સી જેવા અભ્યાસક્રમ તદ્દન આઉટ-ઓફ-ડેટ એટલે કે જુનવાણી થઈ ગયા છે. કોમર્સ અને મેનેજમેન્ટ એજ્યુકેશનમાં તો એટલો ભરાવો છે કે ત્યાં હવે બજાર જ રહી નથી ! બેન્ક અને ઈન્સ્યુરન્સ કંપનીઓમાં કમ્પ્યુટરાઈઝેશન એટલું વ્યાપક છે કે ત્યાં કોઈ માનવશક્તિની જરૂર દેખાતી નથી. કૌશલ્ય ધરાવતા લોકોને પણ તેમાં રોજગારી મળી શકતી નથી.

દરેક વિદ્યાર્થી પોતાની આવડત, આર્થિક ક્ષમતા, આર્થિક સામાજિક પરિસ્થિતિ અને પ્રવર્તમાન સંજોગો અનુસાર અભ્યાસક્રમ પસંદ કરી શકે છે, પરંતુ હાલમાં જે પ્રવાહ છે તે હવે ટેક્નિકલ બાબતો તરફ વધુ છે. એવી કેટલીય રોજગારીની તક છે જે ઉપેક્ષિત રહે છે જેમ કે ૧૦ મું ધોરણ પાસ આગળ અભ્યાસ કરવા ન માગતા હોય તેમને મોબાઈલ રિપેરિંગ માટે મોકલી શકાય.

તેવી જ રીતે ૧૨મું ધોરણ પાસ કરેલી વ્યક્તિને કમ્પ્યુટર્સ રિપેરિંગ માટે પ્રોત્સાહન આપવું જોઈએ. કારણ કે મોટાં શહેરોમાં તો કમ્પ્યુટર્સ સર્વિસીંગ માટે ટેક્નિશિયન મળતા નથી. તેવી જ રીતે ગ્રામ્ય વિસ્તારમાં પ્લંબર અને ઈલેક્ટ્રિશિયન મળતા નથી. બીજી તરફ હજારો યુવાનો બેરોજગાર છે. આ બાબત દર્શાવે છે કે બન્ને બાજુએ સમજણનો અભાવ છે. ડિગ્રી અને નોકરી વચ્ચે કોઈ સંબંધ નિર્માણ કરવાને બદલે કૌશલ્ય અને આવડત વચ્ચેનો સેતુ નિર્માણ થવો જોઈએ. નોકરી, વ્યવસાયમાં આ મુદ્દાને મહત્વ આપવાની જરૂર છે. આર્કિટેક્ટ, ડિઝાઈનિંગ, હેવઈ મશીન ટુલ્સ રિપેરિંગ, પ્લાસ્ટિક એન્જિનિયરિંગ કેમિકલ પ્રોસેસીંગ અને સોફ્ટવેર ડિઝાઈનિંગ વગેરે માટે ઉચ્ચ કક્ષાના નહીં, પરંતુ સરેરાશ કક્ષાના અભ્યાસક્રમ શરૂ કરવાની જરૂર છે.

જરૂર પડ્યે કોમર્સ કોલેજ દ્વારા એવા અભ્યાસક્રમ શરૂ થવા જોઈએ કે જેમાં વિજ્ઞાન અને વાણિજ્ય બન્નેનો સમન્વય થાય. આજે ટેકનોલોજીમાં એટલી નવી નવી શાખાઓ વિકસી છે કે તેમાં ટેલન્ટેડ વિદ્યાર્થીઓની ખાસ જરૂર છે. આવે વખતે હવે તેમને માર્ગદર્શન અને યોગ્ય સુવિધા પૂરી પાડવી અનિવાર્ય છે. બેન્કો દ્વારા મૂકવામાં આવેલા એટીએમ (ઓટોમેટિક ટેલર મશીન) તેમજ કાર્ડ પંચ સિસ્ટમને રિપેર કરનારા ટેક્નિશિયનો છે ખરા ?

એક યુવાન દસ ધોરણ પસાર કરે છે ત્યાં સુધીમાં તેની જિંદગીના ૧૩-૧૪ વર્ષ તો અભ્યાસમાં પૂરા થઈ ગયા હોય છે તે યુવાન જો સમાજને માટે ઉપયોગી અને સક્રિય ન હોય અથવા તો નોકરી વ્યવસાય માટે સક્ષમ ન હોય તો તે બાબત સમગ્ર સમાજ માટે શરમજનક ગણાવી જોઈએ. કોઈ પણ અભ્યાસ હોય તે છેલ્લે તો રોજગારી સાથે સંબંધ રાખે છે.

જર્મનીની વિવિધ યુનિવર્સિટીમાં માત્ર વિજ્ઞાન ફેકલ્ટીના ટૂંકા અને લાંબા ગાળાના ૧૦ હજાર અભ્યાસક્રમ છે. અલબત્ત તેમાં તમામ પ્રકારના અભ્યાસનો સમાવેશ થાય છે તેવી જ રીતે મેડિકલ એજ્યુકેશનને સપોર્ટ સિસ્ટમ તરીકે જે અભ્યાસક્રમ હોવા જોઈએ તે પણ આપણે ત્યાં ખૂબજ મર્યાદિત પ્રમાણમાં છે.



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

## Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)

એક જ દૃષ્ટાંત લઈએ કે મેડિકલ એજ્યુકેશનના ભાગરૂપે આયુર્વેદના અભ્યાસક્રમ કેમ ન હોય? આ બાબતે શિક્ષણ મંત્રી અથવા તો કોઈ સ્વૈચ્છિક સંગઠન જો રસ લેવાનું શરૂ કરે તો જ તે મુદ્દે કંઈક થઈ શકે છે. આયુર્વેદ પણ તબીબી શિક્ષણનો ભાગ છે, પરંતુ ભારતમાં જ આયુર્વેદ ઉપેક્ષિત છે. હવે આ બાબતે નવેસરથી કામ શરૂ થવું જોઈએ.

તેવી જ રીતે કૃષિ વિષયક બાબતોનું છે કે જેમાં શિક્ષણ લેવા કરતાં અનુભવને આધારે કાર્ય કરવાનું છે. દેશભરમાં ૧૯ લાખ શિક્ષણ સંસ્થા છે તેમાં અક્ષરજ્ઞાનથી માંડીને છેક ઉચ્ચ કક્ષા સુધીની શિક્ષણ સુવિધા છે, પરંતુ હજુ તેમાં ગુણવત્તા સુધારવા સાથે વિવિધ શાખાઓનો વ્યાપ વધે તે માટે ઘણું કરવાનું બાકી છે.

ભારત બહુરત્ના વસુંધરા છે. દરેક વ્યક્તિમાં કૌશલ્ય, કુનેહ, આવડત, ક્ષમતા અને દૃષ્ટિ છે. ખાસ કરીને તરૂણ વર્ગ અને યુવાનો પાસે જે આવડત છે તેને ઓળખીને તેની શક્તિને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો તેઓ જ ભારતની સાચી મૂડી છે. માત્ર કોલેજ અને યુનિવર્સિટીઓ આ કાર્ય કરી શકવાની નથી.

યુનિવર્સિટી તો માત્ર પરીક્ષા લેનારી સંસ્થા છે. તેને બદલે હવે એવી રીતે શિક્ષણની પ્રક્રિયા વિકસવી જોઈએ કે જેમાં પરીક્ષાને સ્થાને કૌશલ્ય કુનેહને મહત્વ મળે. ટૂંકમાં સમગ્ર અભિગમ બદલવાની જરૂર છે. એક વખત જો પ્રતિબદ્ધ રીતે આગળ વધવામાં આવશે તો એક પછી એક સફળતા મળવી શરૂ થશે.

લાખો-કરોડો વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે તો રાષ્ટ્ર માટે પ્રચંડ શક્તિ નિર્માણ થાય. યુરોપ પાસે ઈજનેરો નથી તેટલી સંખ્યામાં આપણે ત્યાં છે. જેટલો શિક્ષણનો વિકાસ થાય તેટલી રાષ્ટ્રની સંપત્તિ વધે છે. જાણકારી અને અનુભવ એ પણ રાષ્ટ્રની સંપત્તિ છે. શિક્ષણનો વ્યાપ સત્વશીલ મૂલ્યો અને ઉપયોગીતા સાથે વધે તો જ તેનું મહત્વ છે.

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**







**श्रीमती मधुबेन एवं विजयकुमार विरचंद लोडाया जागीरदार (बांढीया-हैदराबाद) की सुपुत्री चि. क्रिना एवं श्रीमती उर्मिलाबेन एवं श्री महेश जवेरीलाल शाह (मांडवी-कोचीन) के सुपुत्र चि. वैभव की सगाई कार्यक्रम मे उपस्थित डॉ. भगवंत राव, पूर्व विधायक बद्दाम बाल रेड्डी, पार्षद दिड्डी रामबाबु, पार्षद रंजनादेवी गोयल, दैनिक हिन्दी मिलाप के विज्ञापन प्रबंधक प्रकाश जैन साथ मे श्री कच्छी मित्र मंडल के धनजीभाई सावला, अमृतलाल निसर, नितीन धरोड, महेन्द्र शाह, दिनेश गोसर, स्वामी स्वयम भगवानदास एवं समस्त लोडाया जागीरदार परिवार** (જા.ખ.)


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

## Answer to the last month's quiz

**Rs. 93.75**

The persons who have given correct answer to the last month's Quiz are -

1) Gaurav Nalin Shah
2) Harakchand D. Savla
3) Himeshkumar Dedhia
4) Priti P. Savla
5) Neeta D. Malde
6) Bharti K. Dharod
7) Veena K. Gosar
8) Kalpana D. Mehta
9) Jyoti Laxmichand Nagda

Note : 1) You are free to refer any book you like.

2) You can give your answers in writing to Mandal's office or by whatsup to above mobile number by 31-12-2014
3) The names of persons giving correct answers. will be published in January 2015 "Niyapo".
4) You can also contribute any quiz you have, please contact us.

## Quiz of the Month

A) Very Simple - Solve it

I am a 7 letters Word

1) First 2 letters signify a Male
2) First 3 letters signify a Female
3) First 4 letters signify a special status of Male
4) The whole word Indicate a Special status of a Female.

Who am I ?

B) Mahatma Gandhi Quiz -

1) In which year Gandhiji was born & in which Town.
2) Gandhiji's mother-father's name
3) Which drama left deep impression on child Gandhi
4) In which school & Town Mahatma Gandhi had his High School education
5) For which profession Mahatma Gandhiji was qualified
6) What is the name of Gandhiji's Secretary.
7) In which year Gandhiji commenced "Dandi" March.
8) In which year & place Gandhiji was murdered
9) Name of Gandhiji's Killer
10) Who was Gandhiji's political heir

## ક્રોધથી થતું નુકસાન

❖ ક્રોધ વ્યાપતાં જ શરીરમાં એડ્રીનાલીન નામના રસાયણો વધુ માત્રામાં ઉત્પન્ન થાય છે. તેને લીધે ઉશ્કેરાટ, મનની અસ્થિરતા, સંપૂર્ણ શરીરમાં બેહદ કંપારી અનુભવાય છે.

❖ યુવાવસ્થામાં ગુસ્સાવાળો સ્વભાવ ભાવિ હૃદયરોગની એંધાણી છે.

❖ ક્રોધથી અનિદ્રા, હાઈપરટેન્શન, ડાયાબિટીસ, હાર્ટએટેક, મગજ પર સ્ટ્રોક વગેરે સાથે કિડની પર પણ ખરાબ અસર થાય છે.

❖ ચિડીયો માનવી અપચો, અજીર્ણ અને મંદાગ્નિના જઠરરોગથી કાયમ પીડાતો હોય છે.

❖ ક્રોધ કરવાથી મનુષ્યના મગજના કોષોને નુકસાન થાય છે.

❖ શ્વોસોચ્છ્વાસની ગતિવિધી વધી જવાથી ફેફસાંની કાર્યક્ષમતા ઘટે છે.

❖ ક્રોધ પિત્તને કોપાવે છે. પરિણામે પેટમાં અમ્લરસ વધી જવાથી એસીડીટી અને અલ્સર જેવા રોગો થાય છે.

# JAI MAHAVEER

## *Seasons Greeting to all of you......*

*✓ For all your water proofing needs such as Dripping of Water Leakage or Seepage in your toilets, bath rooms and dampening of side walls etc.*

*✓ If any of the above circumstances, you may need our services to rectify them.*

*✓ We carry out the job with the help of trained and efficient workers supported by our "Nano Technology" products to give you the effective results for a long time.*

*✓ We under take the Job with out breaking or damaging your existing structure. Hence do not hesitate to contact us.*

*✓ We also undertake colouring or painting jobs to your flats, offices, old buildings and establishments whenever the need arises..*

For Details Contact : **VARDHAMAN D. SHAH**

**NAMAN CONSTRUCTION SOLUTIONS,**

**B/1, Suryanarayan Apartments, Kachiguda, Lingampalli, Opp. Gujrati Pragathi Samaj, Kachiguda, Hyderabad - 500 027 Phone : 98853 41835**

***"Always remember A Stitch in time saves nine"*** (જા.ખ.)

# JAI MAHAVEER

**We wish all our patrons of customers seasons greetings and request them to make a change in their address book of our new address which is as follows :**

## STUDIO MAHAHATTA'S

**SHOP NO. C,10 "ROYAL PLAZA" (BASEMENT)**
**BESIDE VANDANA PEARLS, SULTAN BAZAR,**
**OPP. H.V.S., HYDERABAD (TELANGANA)**

**For all your needs in Photography & Video such as Passports, Portraits, Modelling Photos Outdoor Photography for marriage, Meetings conventions etc. contact at the above address.**

*"We are specialized in outdoor Photography"*
*Please visit once and get satisfied*

**Contact : ASHWIN V. SHAH (Proprietor)**
**Ph : 040-66180240, 98851 88867** (જા.ખ.)

# Two viewpoints - Negative & Positive

***NEGATIVE VIEW POINT..***

**A famous writer was in his study room. He picked up his pen and started writing-**

- **Last year, I had a surgery and my gall bladder was removed. I had to stay stuck to the bed for long time due to this surgery.**
- **The same year I reached the age of 60 years and had to give up my job. I had spent 30 years of my life in this company.**
- **Same year, I was bereaved - my father expired.**
- **And in the same year my son failed in medical exam because he had a car accident. He had to stay in the hospital bed with the cast on for several days. Damage to the car was another loss.**
  **<u>At the end he wrote :</u>**
  **Alas, it was such a bad year !!!**

***POSITIVE VIEW POINT..***

**When the writer's wife entered the room, she found her husband looking sad & lost in his thoughts. From behind him, she read the note written by him. She left the room silently and returned sometime later with another paper and placed it beside her husband's note on the table. He become curious and read his wife's note -**

- **Last year, I finally got rid off my gall bladder which was causing me pain for several years.**
- **I turned 60 with sound health and hot retired. Now I will have ample time to pursue my hobbies which I could not do earlier due to job.**
- **The same year my father at the age of 95 met his creator without depending on anyone and without any critical condition.**
- **The same year, God blessed my son with a new life though my car was destroyed, I am my son survived without any disability.**

**<u>At the end she wrote :</u>**

- **This year there was immese blessing of God and it passed well.**
- ***See, the same incidents but different view points. If we look at them negatively and possimistically we will be unhappy whereas, if we look them positively, we will be happy.***

# ABHA BEAUTY PARLOUR & SPA SALOON

Specialist in Bridal Mehendi & Make-up
Also Beauty Mehendi & Grooming Classes



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

*Home service Facility is also available*

*Sunday Closed*

Now at New & Spacious Space

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*3-4-74/2, 1st Floor, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# SONA HANDLOOMS

***Exclusive Dress Materials***

- **KURTIES**
- **LEGGINGS**
- **LADIES UNDERGARMENTS**
- **NIGHTIES**

**AT WHOLESALE RATE**



Special Offer **30% off** on Ladies Under Garments

Contact : *Ashit Patel*

3-3-116/117, Chappal Bazar,
Near Manjira Hotel,
Opp. Bangalore Iyenger Bakery,
Kachiguda, Hyderabad 500 027.

**Phone : 93910 01176**

(જા.ખ.)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

* પાંચ ધાન્યના (મગદરીયા) લાડુ
* ડ્રાયફ્રુટ લાડુ (ઘંઉના)
* નાચણી (રાગી) ખજૂર લાડુ
* ફીણીયા લાડુ
* અદરખ ડ્રાયફ્રુટ લાડુ
* ગોળ પાપડી
* કોકોનેટ બીસ્કીટ

સ્પેશીયલ અડદિયા પાક

• સાંગલીના ભડંગ • પુંનાનો લક્ષ્મીનારાયણ ચીવડો
• શીંગદાણાની ચટણી અને જુવારના ખાખરા
• સિકંદરના શીંગ • ચણા

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

CONTACT : PRAVIN K. CHHEDA - 102, Uma Residency, Near Jineshwardam, Kachiguda, Hyderabad - 500 027
PRAVIN CHHEDA - 89857 59320, PREMILA CHHEDA - 90146 66932

(જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)



FOR ALL YOUR COMPUTER WORK
❖ SOFTWARE INSTALLATION
❖ TROUBLE SHOOTING
❖ VIRUS CLEANING ETC.
❖ NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

• AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
• AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183**

(જા.ખ.)

# CA. DIPTI CHHEDA'S

# CONCEPT CLASSES

## CA - IPCC

## CPT Batch Starting on 25-12-2014

Before results of Group-1 comes complete Group - 2 coaching with amended advanced Accounting, IT-SM material and Auditing Covering Companies act 2013 Companies Audit and Auditors rules 2014. **Group - 2 coaching starting on 8-12-2014**

- Printed notes in work book form for every subject.
- Flow chart notes for Accounting Standards.
- Booster revision classes & Booster test series before exam.
- Weekly class test with Suggested answers and detailed feedback.
- 30 Class test chapter wise
- Only 30 students per batch.
- AC Classroom.
- Library facility available.
- Reading room facility from 2.00 pm to 6.00 pm

(જ્ઞ.પ્ર.)

Address : Concept Classes, above Tata Docomo office,
Near Deccan grameen Bank, Nallakunta OU Road, Hyderabad

**For Details Contact**

**Ph : 093943 93770, 92465 39616**

# વોરા નૂખની ૨૩ મી સમૂહ પહેડી

કુળદેવી શ્રી અંબઈ માંને નમતાં વોરા નૂખના ભાવિક પરિવાર ત્થા
નિયાણી બ્હેનોને એ સજોડે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**રવિવારે, તા. ૪-૧-૨૦૧૫ને સ્થળ : કચ્છી ભવન,**
**માતાજીનો સામૈયૂ સવારના ૧૦.૦૦ કલાકે,**
**પ્રસાદ - ૧૧.૩૦ કલાકે.**

**સર્વેને સમયસર પધારવા વિનંતી.**

**❊ સમસ્ત કાર્યક્રમના લાભાર્થી ❊**

**માતુશ્રી હર્ષાબેન વિશનજીભાઈ વોરા પરિવાર (નવીનાર)**

કાળા વસ્ત્રો પહેરી
આવવું નહીં

અન્ય માહીતી માટે સંપર્ક
**મહેન્દ્ર વોરા - ૯૨૪૬૧ ૮૫૬૩૧**
**નરેશ વોરા - ૯૩૯૧૨ ૨૩૩૭૫** (જા.ખ.)


*With Best Compliments From:*

**A Products of ...**

## JAIN BAKERS

**FRUIT BISCUITS**

Akul™

*Egg Less*
*100% Pure Vegetarian*
*Healthy & Hygenic*




**Available at:**

**राम BHAROSA**
**DRY FRUITS & SNACKS**
4-2-599, Opp. Govt. High School, Badi Chowdi,
Ramkote, Hyderabad. Ph: 040-24751007
(જા.ખ.)

**SHARADA ENTERPRISES**
**GENERAL STORES**
Beside Mahavir Photo Studio, Opp. Lane Sudha Hotel,
Chikkadpally, Hyderabad. Ph: 9346234849

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

**દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.**

**સાથે સાથે દર મહિનાની ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે પણ બસ શુરૂ કરવાનું વિચારાધીન છે જેના માટે સંઘપતીનું નકરો રૂ. ૫૧૦૦/- રાખી સદર યાત્રા સંઘ તરફથીજ કરાવવાની ભાવના છે. ડિસેમ્બર ૨૦૧૫ સુધી સંઘપતી નોંધાઈ ગયા છે. સંપૂર્ણ વર્ષ ૨૦૧૫ ના શ્રી જયેશભાઈ મોદી તથા જીતેન્દ્રભાઈ કપાસી પરિવારે સંઘપતીનું લાભ લીધેલ છે. તેના પહેલા નીચે મુજબ સંઘપતી મુક્કર થઈ ગયા છે.**

**જાનેવારી ૨૦૧૫ - શ્રી ભવાનજીભાઈ તલકશી પાસડ, માર્ચ ૨૦૧૫ - શ્રી ગીરીશભાઈ ચંદ્રકાન્ત કપાસી, મે ૨૦૧૫ - ચી. મોક્ષ પૂર્વેશ ગુલાબચંદ પદમશી મોતા**

**રવિવાર તા. ૨૩ નવેમ્બર ૨૦૧૪ ના મેડચલ તીર્થ યાત્રા માટે ત્રણ બસનો આયોજન થએલ એક બસ Look & Learn પાઠશાળાના વિદ્યાર્થીઓ માટે સ્પોનસર કરવામાં આવેલ.**

**૧) માતુશ્રી હિરાબાઈ દના પાસૂભાઈ છેડા - શ્રી લક્ષ્મીચંદભાઈ ના જન્મ દિવસ નિમીત્તે.**
**૨) માતુશ્રી પાનબાઈ ખીમજી ડુંગરશી મામણીયા હસ્તે શ્રી રાજુભાઈ મામણિયા**
**૩) માતુશ્રી વિજયાબેન મનસુખલાલ મહેતા હસ્તે શ્રી જયેંદ્રભાઈ મહેતા**

**મેડચલ તીર્થ ક્ષેત્રે શ્રી સિકંદ્રાબાદ મેડચલ છ'રી પાલીત સંઘના સંઘપતી શ્રી ગુલાબભાઈ, દિલીપભાઈ તથા ગીરીશભોઈ મોતા ભાઈઓનું સન્માનપત્ર થી સન્માનિત કરવામાંઆવેલ. રવિવાર તા. ૨ નવેમ્બર ૨૦૧૪ ના આયોજીત શ્રી કુલપાક તીર્થ યાત્રામાં વિશેષ રૂપે કાયમી સંઘપતિ પરિવારના શ્રીમતિ મમતાબેન ભુપેંદ્રભાઈ ગાલા જોડાયા હતા. તીર્થ ક્ષેત્રે બપોરના આયોજીત યાત્રીકોના સ્નેહમીલનમાં પ્રતિભાવ વ્યક્ત કરતા એમને જણાવ્યો કે શ્રી સંઘની પ્રવૃત્તીઓ જોતા કઈક સત્કૃત કરવાનો સમાધાન અમારા પરિવાર ને મળી રહ્યો છે તથા શ્રી સંઘની પ્રવૃતીઓ હજી સુચારૂ રૂપથી કાર્યરથ રહે તે માટે તન મન ધનનો સહકાર આપવાનો આશ્વાસન આપેલ.**

**અગામી કાર્યક્રમમાં 31st Night in KULPAKJI તા. ૩૧-૧૨-૨૦૧૪ તથા ૧-૧-૨૦૧૫ માટે તૈયારી જોશથી ચાલી રહી છે. સંચાલકનો સંપર્ક કરી આ કાર્યક્રમમાં જોડાવવા વિનંતી.**

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (હ્રુ.મ્.)